ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ
નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.૧૬.૬૬ લાખની
વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.
વર્ષ ૨૦૧૯-૨૦

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ વવજ/૧૦૨૦૧૭/૮૪૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૮/૦૭/૨૦૧૯

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪-૦૩-૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ બજટ/ ૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૧/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./ ૨૦૧૯-૨૦/૭૫૯

**આમુખઃ-**

ગુજરાત વિચરતી અને વિમુક્ત વિકાસ નિગમને નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે કચેરીના વહીવટી ખર્ચ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષમાં ચાર માસ માટેના લેખાનુદાનમાં રૂ.૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે જે અન્વયે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા.૧૪-૦૩-૨૦૧૯ ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના પત્રથી કરેલ રૂ.૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત વિકાસ નિગમના હવાલે મુકવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે કુલ રૂ.૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે કુલ ગ્રાન્ટના ત્રીજા ભાગની ગ્રાન્ટ એટલે કે રૂ.૧૬.૬૬ લાખ (અંકે રૂપિયા સોળ લાખ છાસઠ હજાર પુરા)ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) સને ૨૦૧૯-૨૦ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદરઃ ૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ ૮૦ સામાન્ય, ગૌણ સદરઃ ૧૦૧ વિમુક્ત અને અન્ય અસ્થાયી જાતિઓનું કલ્યાણ, પેટા સદરઃ ૨૦ ડીએનટી-૮ ગુજરાત વિચરતી અને વિમુક્ત વિકાસ નિગમ હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંક: બજટ-૧૦૨૦૧૯-૧૨૦૩૧૯-બ પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૧૪/૦૩/૨૦૧૯ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ની તા. /૦૭/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(વિજય પી. ચોટલિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ. ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી(અ/બજેટ શાખા/કમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સિલેકટ ફાઇલ-૨૦૧૯